અનુસંધાન... પાના પહેલાનું

બાકી ટ્રાફિક ચલન...

રોક લગાવવા જેવા પગલાં પર વિચાર કરી શકાય છે. તેણે એમ પણ કહ્યું કે આવા કિસ્સાઓમાં ડુપ્લિકેટ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ ઈશ્યૂ કરવાનું બંધ કરી શકાય છે અને આવા વાહનોની માલિકીની ટ્રાન્સફર પણ રોકી શકાય છે. દંડ નહીં ભરાયેલા વાહનોને પીયુસી સર્ટિફિકેટ આપવાનું પણ બંધ કરી શકાય છે એમ કોર્ટે કહ્યું હતું. સુપ્રીમ કોર્ટે દંડ ન ભરનારા વાહનોને પરિવહન પોર્ટલ પર બ્લેકલિસ્ટ કરવા અને માલિકીની ટ્રાન્સફર રોકવાનો પણ અભિપ્રાય આપ્યો હતો. બેન્ચે જણાવ્યું હતું કે, વાહનોનું રેન્ડમ ચેકિંગ કરવામાં આવે અને જો એવું જાણવા મળે કે ઈ-ચલણ ભરવામાં આવ્યું નથી, તો વાહનને જપ્ત કરવા માટે જરૂરી પગલાં લેવામાં આવે. જો કે કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે આ બધી સલાહ છે, આદેશ નહીં. સુપ્રીમ કોર્ટ માર્ગ સલામતી સંબંધિત અરજી પર સુનાવણી કરી રહી હતી.

સ્પેસએક્સનું મહાકાય...

આયોજન માટે અત્યંત મહત્વપૂર્ણ છે. આ રોકેટે અવકાશમાં સ્ટારલિંકના ૨૬ ઉપગ્રહો પણ લોન્ચ કર્યા છે જે સ્ટારલિંકના ઇન્ટરનેટ કાર્યક્રમ માટે મહત્વના છે. આ રોકેટો ઇન્ટરનેટ સેવા આપતા અગાઉના ૧૧૦૦૦ જૂના નાનકડા સેટેલાઇટોના કાફલામાં જોડાશે. આ સ્પેસક્રાફ્ટે નેક્સ્ટ જનરેશનના 'સ્ટારલિંક V3' સેટેલાઇટ્સ પણ લોન્ચ કર્યા છે, જે સ્પેસએક્સના સેટેલાઇટ ઇન્ટરનેટ નેટવર્કને વિસ્તારવા અને તેના ડેટા ટ્રાન્સમિશન ક્ષમતા વધારવા માટે ડિઝાઇન કરવામાં આવ્યા છે. ત્રણ સેટેલાઇટમાં ફ્લાઇટ દરમિયાન સ્પેસક્રાફ્ટના હીટ શિલ્ડનું રેકોર્ડિંગ કરવા માટે ઇમેર્જિંગ ઇક્વિપમેન્ટ(કેમેરા વગેરે) પણ લગાવવામાં આવ્યા છે.

ફાર્મા ક્ષેત્રે...

દવાઓના ઘટકો પર પણ શૂન્ય ટકા ટેરિફ દર લાગુ થશે. ભારત ઉપરાંત, શૂન્ય ટેરિફ દરની શ્રેણીમાં શામેલ અન્ય દેશોમાં આર્જેન્ટિના, બાંગ્લાદેશ, કમ્બોડિયા, ઈક્વાડોર, અલ સાલ્વાડોર, યુરોપિયન યુનિયન, ગ્વાટેમાલા, ઈન્ડોનેશિયા, જાપાન, જોર્ડન, મલેશિયા, ઉત્તર મેસેડોનિયા, દક્ષિણ કોરિયા, સ્વિટ્ઝર્લેન્ડ, લિચટેન્સ્ટાઇન, તાઈવાન, થાઈલેન્ડ, બ્રિટન અને વિયેતનામનો સમાવેશ થાય છે. આ નોટિસમાં જણાવવામાં આવ્યું છે કે આ અધિકારક્ષેત્રોમાંથી યોગ્યતા ધરાવતા ઉત્પાદનોને શૂન્ય ટકા ટેરિફ મળી શકે છે કારણ કે તેમની પાસે અમેરિકા સાથે વર્તમાન અથવા આગાઉથી નક્કી થયેલ વેપાર અને સુરક્ષા માળખાકીય કરાર છે.

સુપ્રીમ કોર્ટે દિલ્હી...

જાહેર બગીચાઓ, મેટ્રો સ્ટેશનો, બસ ટર્મિનલ અને રેલવે સ્ટેશનોમાં 'લાઈટિંગ અને સીસીટીવી ઓડિટ' કરી બંધ પડેલા કેમેરા તાત્કાલિક શરૂ કરવા આદેશ અપાયો છે. ઉપરાંત, નાગરિકો 'સીએમ જન સુનવાઈ પોર્ટલ' પર અસુરક્ષિત કે અંધારાવાળા વિસ્તારો અંગે જીઓ-ટેગિંગ સાથે ફરિયાદ નોંધાવી શકશે, જેના પર સમયબદ્ધ કાર્યવાહી કરવાની રહેશે.

ભારતમાં ૫ કરોડ...

સ્કૂલ્સ 2015-2025 શીર્ષક ધરાવતા રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે કે, વર્ષ 2025માં વિશ્વમાં શાળામાં શૌચાલય સેવાઓથી વંચિત રહેલા કુલ 24.4 કરોડ બાળકોમાંથી 5 કરોડ બાળકો એકલા ભારતમાં છે. રિપોર્ટમાં એ પણ ઉમેરવામાં આવ્યું છે કે સમીક્ષા હેઠળના સમયગાળા દરમિયાન ભારતમાં સ્વચ્છતા સેવાઓ ન હોય તેવી શાળાઓની સંખ્યામાં 14 ટકાનો ઘટાડો નોંધાયો છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન(WHO) અને યુનાઈટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ ફંડ (UNICEF)નો સંયુક્ત મોનિટરિંગ પ્રોગ્રામ પીવાના પાણી, શૌચાલય અને સ્વચ્છતા પર પ્રગતિના આંતરરાષ્ટ્રીય સ્તરે તુલનાત્મક અંદાજો તૈયાર કરે છે અને સ્વચ્છતા સંબંધિત સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ માટે વૈશ્વિક દેખરેખ રાખી રહ્યો છે.

ટાટા સન્સને...

કંપની બની જશે, કારણ કે વિવિધ બિઝનેસ અને તેની આવક સીધી પેરન્ટ કંપની હેઠળ જ આવશે. ટ્રસ્ટ્સે જણાવ્યું હતું કે આ ફેરફારથી એ સુનિશ્ચિત થશે કે પુનર્ગઠિત થયેલી કંપની NBFC કે 'કોર ઈન્વેસ્ટમેન્ટ કંપની'(CIC)ના નિયમનકારી માપદંડો હેઠળ આવશે નહીં. ટાટા સન્સ પ્રાઈવેટ લિમિટેડ(TSPL)માં ૬૬ ટકાની બહુમતી ભાગીદારી ધરાવતા ટાટા ટ્રસ્ટ્સે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "આજે ટાટા ટ્રસ્ટ્સે કંપની માટે એક વ્યૂહાત્મક પુનર્ગઠન યોજનાની રૂપરેખા આપી છે. આ યોજના અમલમાં આવતાની સાથે જ પુનર્ગઠિત એકમ નોન-બેંકિંગ ફાઈનાન્શિયલ કંપની (NBFC) કે કોર ઈન્વેસ્ટમેન્ટ કંપની(CIC) રહેશે નહીં. આ પુનર્ગઠન પ્રસ્તાવ એવા સમયે આવ્યો છે જ્યારે હોલ્ડિંગ કંપનીની માલિકી અને વહીવટના ભવિષ્ય અંગે ટાટા ટ્રસ્ટ્સ અને ટાટા સન્સના બોર્ડ વચ્ચે મતભેદો વધી રહ્યા છે. આ વિવાદના મૂળમાં મુદ્દો એ છે કે ટાટા સન્સ અનલિસ્ટેડ પ્રાઈવેટ કંપની તરીકે રહેવી જોઈએ કે પછી RBIના ફ્રેમવર્ક સાથેની કંપની હોવી જોઈએ જેનું શેરબજારમાં લિસ્ટિંગ જરૂરી છે.

'અલ નીનો'ની

શિયાળુ પાકોની વાવણી શરૂ થતી હોય છે. તેમણે જણાવ્યું, ખરીફ (ઉનાળુ/ચોમાસુ) પાક પર અલ નીનોની એકંદર અસર મર્યાદિત રહી છે, જોકે કેટલાક વરસાદ આધારિત વિસ્તારોને તેની અસર પહોંચી હતી. પરંતુ ઓક્ટોબરથી શરૂ થતી આગામી શિયાળુ સીઝનમાં તેની અસર વધુ સ્પષ્ટ રીતે જોવા મળી શકે છે. ખેતીવાડી સચિવે કહ્યું કે, આપણે વિચારતા હતા કે આબોહવા પરિવર્તનનો સામનો આપણે ભવિષ્યમાં કરવો પડશે, પરંતુ આ ફેરફારો હવે ખૂબ ઝડપથી સામે આવી રહ્યા છે. તેમણે જણાવ્યું કે કેટલાક રાજ્યોમાં જમીનમાં વધુ પડતા ભેજની સમસ્યા થઈ શકે છે, જ્યારે ઓછા વરસાદવાળા વિસ્તારોમાં લાંબા સમય સુધી પાક પર સુકારાનું દબાણ રહેશે. આથી પરિસ્થિતિ મુજબ રવિ સીઝન માટેની રણનીતિ બદલવી પડશે. દેશમાં દર વર્ષે શિયાળુ પાકનું સામાન્ય રીતે આશરે 638 લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થાય છે, જેમાં ઘઉં 300 લાખ હેક્ટરથી વધુ, કઠોળ 140 લાખ હેક્ટર, તેલીબિયાં 87 લાખ હેક્ટર અને બરછટ અનાજ 55 લાખ હેક્ટરમાં વવાય છે.

દિલ્હી ડાયરી...

વરિષ્ઠ કોંગ્રેસ નેતા દેબબ્રત સૌકિયા દ્વારા પોસ્ટ કરવામાં આવ્યો હતો, જેમણે સરમા ચૂંટણી કમિશનરને ભારત રત્ન આપવાની હિમાયત શા માટે કરી રહ્યા છે તેનું અસલી કારણ ઉજાગર કરવાનો પ્રયાસ કર્યો હતો. સૌકિયાએ 'એક્સ' પર પોસ્ટ કર્યું, "ભાજપ શાસનમાં તમે જેટલી મોટી વોટ ચોરીને અંજામ આપશો, તેટલું જ મોટું તમારું ઇનામ મળશે!" કુમારને ભારત રત્ન મળે કે ન મળે, પરંતુ સરમાની ઇચ્છા મુજબ દેશ હવે ક્યારેય જ્ઞાનેશ કુમારને ભૂલી શકશે નહીં. તો હવે જનરેશન ઝેડની 'કોકરોચ જનતા પાર્ટી' સરમાના આ સૂચનને કઈ રીતે જોશે, જ્યારે તેમના દ્વારા કુમારને તાત્કાલિક પદ પરથી હટાવવાની અથવા અન્યથા જંતર મંતર જેવા આંદોલનનો સામનો કરવાની માંગ ઉઠાવવામાં આવી છે?

ચૂંટણી પંચના આંતરિક વહીવટની પોલ ખૂલી

દૈનિક 'ઇન્ડિયન એક્સપ્રેસ'ના વિગતવાર અહેવાલમાં દર્શાવ્યા મુજબ, ભારતના ચૂંટણી પંચ (ઈસીઆઈ)ની આંતરિક કામગીરીની પોલ અને પંચના ત્રણ ટોચના પદાધિકારીઓ વચ્ચેના સ્પષ્ટ મતભેદોએ માત્ર વિપક્ષી પક્ષોને નરેન્દ્ર મોદી સરકાર પર પ્રહાર કરવાનું હથિયાર આપ્યું નથી, પરંતુ એનડીએની છત્રછાયા હેઠળના કેટલાક ભાજપના સહયોગી પક્ષો અને ભૂતકાળના કેટલાક એનડીએ સહયોગીઓને પણ સત્તાધારી ગઠબંધનમાં 'બિગ બ્રધર' બનેલા ભાજપ સામે પલટવાર કરવા અને બરાબરી કરવા માટે દારૂગોળો પૂરો પાડ્યો છે. કુમાર પર ધ્યાન કેન્દ્રિત કરતી ચૂંટણી પંચની આ ઘટનાઓએ વાયએસઆર કોંગ્રેસ પાર્ટી અને બીજુ જનતા દળ જેવા પક્ષોને, જેઓ સંસદમાં કટોકટીની સ્થિતિમાં ભાજપને બચાવવા માટે જાણીતા છે, આગળ આવીને પોતાની હાજરી નોંધાવવાની તક આપી છે. ઉપરાંત, વાયએસઆર કોંગ્રેસ પાર્ટીના વડા વાય. એસ. જગન મોહન રેડ્ડી પણ આ અભિયાનમાં જોડાઈ ગયા છે અને તેમણે 'મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર્સ (નિમણૂક સેવા શરતો અને કાર્યકાળ) અધિનિયમ, 2023'ની સમીક્ષા કરવાની માંગ કરી છે.

દિલ્હી-NCRમાં...

બાદ હત્યા અને ગ્રેટર નોઈડાથી દિલ્હી વચ્ચે ચાલતી બસમાં સગીરા પર થયેલા જાતીય હુમલાની ઘટનાઓનો ઉલ્લેખ કર્યો હતો. કોર્ટે વેદના વ્યક્ત કરતા કહ્યું કે આ ઘટનાઓ 2012ના ચર્ચિત 'નિર્ભયા કેસ'ની યાદ અપાવે છે અને સવાલ ઊભો કરે છે કે એક દાયકો વિતી ગયા પછી પણ સુરક્ષા વ્યવસ્થામાં શું કોઈ અર્થપૂર્ણ સુધારો થયો છે કે કેમ. અદાલતે સ્પષ્ટ કર્યું કે બંધારણના અનુચ્છેદ 21 હેઠળ ભયમુક્ત અને સન્માનપૂર્વક જીવવાનો અધિકાર મૂળભૂત અધિકાર છે. જાહેર સ્થળો, પાર્ક, રસ્તાઓ અને જાહેર પરિવહનમાં નબળી રોશની કે નબળા પોલીસ પેટ્રોલિંગને કારણે સુરક્ષા જોખમાવી જોઈએ નહીં. કોર્ટે સત્તાવાળાઓ પાસે જાહેર સ્થળોની સુરક્ષા, સીસીટીવી અને 'નેશનલ ડેટાબેઝ ઓન સેક્સ્યુઅલ ઓફેન્ડર્સ' (એનડીએસઓ)ના ઉપયોગ અંગે વિસ્તૃત સ્ટેટસ રિપોર્ટ માગ્યો છે અને માત્ર સંવેદના વ્યક્ત કરવાને બદલે જવાબદેહી નક્કી કરવા આદેશ આપ્યો છે.

અમેરિકન આતંકવાદી અથવા જાસૂસ મેથ્યુ વેનડાઈકને કેમ છોડી મૂકવામાં આવ્યો?

ટુ ધ પોઇન્ટ ■ સંજય વોરા ■

ભાજપના મોરચાની સરકાર દ્વારા દાવો કરવામાં આવે છે કે તેમના રાજમાં આતંકવાદની ઉપર નિયંત્રણ મેળવી લેવામાં આવ્યું છે, પણ હકીકત કાંઈક અલગ છે. તાજેતરમાં અમેરિકાના એક નાગરિકને જામીન પર છોડી દેવામાં આવ્યો છે, જેના પર આતંકવાદના ફેલાવા સહિતના ગંભીર આક્ષેપો અગાઉ કરવામાં આવ્યા હતા. આ નાગરિક સીઆઈએનો એજન્ટ હોવાની શંકા પણ સેવાઈ રહી હતી, પણ ભારતીય તપાસ એજન્સી એનઆઈએની નિષ્ક્રિયતા કે બેદરકારીને કારણે તે જામીન પર મુક્ત થઈને પોતાના દેશમાં પહોંચી ગયો છે. અમેરિકન નાગરિક મેથ્યુ એરોન વેનડાઇકની મુક્તિ અંગે વિપક્ષે કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. વિપક્ષે પ્રશ્નો ઉઠાવ્યા છે કે શું મેથ્યુ એરોન વેનડાઇકને અમેરિકન દબાણ હેઠળ દેશ છોડવાની મંજૂરી આપવામાં આવી હતી?

મ્યાનમારમાં વંશીય સશસ્ત્ર જૂથોને તાલીમ આપવા અને અનધિકૃત મુસાફરી કરવા બદલ ધરપકડ કરાયેલા સાત વિદેશી નાગરિકોમાં અમેરિકન નાગરિક મેથ્યુ એરોન વેનડાઇક અને છ યુક્રેનિયન નાગરિકોનો પણ સમાવેશ થાય છે. આ કેસમાં વિવાદનું સૌથી મોટું કારણ એ છે કે NIA એ વેનડાઈક અને છ યુક્રેનિયન નાગરિકો સામે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UAPA) ની કલમ ૧૮ હેઠળ આતંકવાદી કૃત્યો કરવાનાં કાવતરાં માટે કેસ દાખલ કર્યો હતો. જો કે, સપ્ટેમ્બરમાં દાખલ કરાયેલી પહેલી ચાર્જશીટમાં UAPA આરોપો લાગુ કરવામાં આવ્યા ન હતા. તેના બદલે ચાર્જશીટમાં ઇમિગ્રેશન અને ફોરેનર્સ એક્ટ હેઠળ આરોપીઓ સામે ગુનાઓની યાદી આપવામાં આવી હતી. કોંગ્રેસે આ મુદ્દા પર પીએમ મોદી પર નિશાન સાધ્યું છે.

કોંગ્રેસ પાર્ટીના મહાસચિવ જયરામ રમેશે કહ્યું કે આપણા સમાધાનકારી વડા પ્રધાને ફરીથી આવું કર્યું છે. આતંકવાદી પ્રવૃત્તિઓનું કાવતરું ઘડવાના આરોપમાં રહેલા અમેરિકન નાગરિક મેથ્યુ વેનડાઇકને મુક્ત કરવામાં આવ્યો છે અને તેને તેના દેશમાં પાછા ફરવાની મંજૂરી આપવામાં આવી છે. રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) ની એક વિશેષ અદાલતે હવે તેને જામીન આપતાં તેના પરિવારને મળવા માટે એક મહિના માટે અમેરિકા પાછા જવાની મંજૂરી આપી છે. તેની સાથે ધરપકડ કરાયેલા છ યુક્રેનિયન નાગરિકોને પણ આવી જ રાહત આપવામાં આવી છે.

મેથ્યુ એરોન વેનડાઇક અમેરિકાના બાલ્ટીમોરના રહેવાસી છે. મીડિયા રેકોર્ડ મુજબ, તેમનો જન્મ ૧૧ જૂન, ૧૯૭૯ ના રોજ થયો હતો. મેથ્યુ પોતાને આંતરરાષ્ટ્રીય સુરક્ષા નિષ્ણાત, ફિલ્મનિર્માતા અને યુદ્ધ ક્ષેત્રના નિરીક્ષક તરીકે વર્ણવે છે. તે ભાડૂતી સૈનિક હોવાનો દાવો કરે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ૨૦૧૧ માં લિબિયન ગૃહયુદ્ધમાં મુઅમ્મર ગદ્દાફી વિરુદ્ધ બળવાખોર જૂથ સાથે લડતી વખતે મેથ્યુને ગદ્દાફીનાં દળોએ પકડી લીધો હતો. જો કે, બાદમાં તે જેલમાંથી ભાગી ગયો હતો. મેથ્યુની એક વેબસાઇટ છે, જે મુજબ તેણે ૨૦૦૭ થી ૨૦૧૦ ની વચ્ચે મોટરસાઇકલ દ્વારા આરબ દેશોનો પ્રવાસ કર્યો હતો અને ઇરાક અને અફઘાનિસ્તાનમાં યુદ્ધ સંવાદદાતા અને દસ્તાવેજી ફિલ્મ નિર્માતા તરીકે પણ કામ કર્યું હતું. ૨૦૧૪ માં ISIS દ્વારા પત્રકારો જેમ્સ ફોલી અને સ્ટીવન સોટલોફની હત્યા બાદ વેનડાઇકે ખાનગી લશ્કરી સન્સ ઓફ લિબર્ટી ઇન્ટરનેશનલ (SOLI) ની સ્થાપના કરી હતી. વેનડાઇકના પોતાના રેકોર્ડ મુજબ આ બંને પત્રકારો તેના મિત્રો હતા. SOLI દ્વારા તે સંગઠનો અને જરૂરિયાતમંદ વ્યક્તિઓને લશ્કરી તાલીમ અને સલાહ પૂરી પાડે છે. SOLI પોતાને એક બિન-લાભકારી સંસ્થા તરીકે વર્ણવે છે. સંગઠન અનુસાર, તે ઇરાકમાં ISIS સામે લડતા ખ્રિસ્તી સુરક્ષા દળોને લશ્કરી તાલીમ અને સલાહ પૂરી પાડતી હતી. સંગઠન યુક્રેનમાં તાલીમ અને લશ્કરી સહાય પૂરી પાડતો હોવાનો પણ દાવો કરે છે.

આતંકવાદ વિરોધી તપાસના ભાગ રૂપે વેનડાઇક અને છ યુક્રેનિયનોની ધરપકડ કરવામાં આવી હતી. NIA એ પહેલાં સાતેય સામે કઠિન ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ અથવા UAPA હેઠળ કેસ દાખલ કર્યો હતો. એજન્સીના જણાવ્યા અનુસાર, આ જૂથ માન્ય મુસાફરી દસ્તાવેજો પર ભારતમાં પ્રવેશ્યું હતું પરંતુ તે વિસ્તારોની મુલાકાત લેવા માટે જરૂરી ખાસ પરવાનગી વિના તેણે ઉત્તર-પૂર્વ ભારતમાં મુસાફરી કરી હતી અને પછી તેમણે મિઝોરમ થઈને મ્યાનમારમાં પ્રવેશ કર્યો હતો. તપાસકર્તાઓએ દાવો કર્યો હતો કે આ જૂથ મ્યાનમારમાં સશસ્ત્ર વંશીય જૂથો માટે તાલીમ સત્રો ચલાવી રહ્યું હતું, તેમને ડ્રોન યુદ્ધ, ડ્રોન બનાવવું અને ડ્રોન જામિંગ જેવી બાબતો શીખવી રહ્યું હતું. વેનડાઇકને કોલકાતા એરપોર્ટ પરથી પકડવામાં આવ્યો હતો જ્યારે અન્ય યુક્રેનિયન આરોપીઓને દેશના વિવિધ એરપોર્ટ પરથી પકડવામાં આવ્યા હતા.

NIA એ ખરેખર ચાર્જશીટ દાખલ કર્યા પછી પરિસ્થિતિ બદલાઈ ગઈ હતી. એજન્સીએ UAPA હેઠળ ગંભીર આતંકવાદી આરોપો પડતા મૂક્યા હતા અને કહ્યું કે તેમની પાસે એવા કોઈ નક્કર પુરાવા નથી કે જૂથની પ્રવૃત્તિઓથી ભારતની સુરક્ષા અથવા તેના લોકોને કોઈ સીધી રીતે નુકસાન થયું છે. તેના બદલે, ચાર્જશીટમાં ફક્ત ઇમિગ્રેશન અને વિદેશી કાયદાની કલમ ૨૧ અને ૨૩ હેઠળ આરોપો હતા, જે મૂળભૂત રીતે દેશમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરવા અને વિઝાની મુદત કરતાં વધુ સમય સુધી રહેવાના આરોપો હતા. તેથી એક મોટો આતંકવાદી તપાસ જેવો દેખાતો કેસ વિઝા ઉલ્લંઘનનો કેસ બની ગયો હતો. NIA કાયદા દ્વારા નિર્ધારિત ૧૮૦ દિવસની મર્યાદામાં મૂળ આરોપોની તપાસ પૂર્ણ કરી શક્યું ન હોવાથી, વાનડાઇક અને અન્ય લોકોને ડિફોલ્ટ જામીન મળ્યા હતા. આ અધિકાર તપાસકર્તાઓ તેમની સમયમર્યાદા ચૂકી જાય ત્યારે આપમેળે લાગુ પડે છે. ફોરેનર્સ રિજનલ રજિસ્ટ્રેશન ઓફિસ (FRRO) દ્વારા ઇમિગ્રેશન મામલો સ્પષ્ટ થયા પછી મેથ્યુ વાનડાઇકના વકીલોએ કોર્ટ પાસે તેમને ઘરે મુસાફરી કરવાની પરવાનગી માંગી હતી. સ્પેશિયલ NIA જજ પ્રશાંત શર્મા સંમત થયા, તેમને એક મહિના માટે ભારત છોડવાની મંજૂરી આપી અને પ્રવાસ માટે તેમનો પાસપોર્ટ અનબ્લોક કર્યો હતો. આ જ આદેશ છ યુક્રેનિયનોને લાગુ પડે છે.

મેથ્યુ વેનડાઇક અને છ યુક્રેનિયન નાગરિકોને ઘરે જવા માટે સમાન પ્રકારની બહાર નીકળવાની પરવાનગી આપવામાં આવી છે, જ્યારે મ્યાનમાર સરહદ નજીક તેમની પ્રવૃત્તિઓ અંગેના પ્રશ્નોના સંપૂર્ણ જવાબ હજુ સુધી મળ્યા નથી. ઇતિહાસ એ વાતનો પુરાવો છે કે ગંભીર કેસોમાં આરોપી વિદેશી નાગરિકોને એક વાર ભારતની બહાર જવાની મંજૂરી આપવામાં આવે છે, પછી તેમને પાછા લાવવાનું કાર્ય મુશ્કેલ બની જાય છે, જો અશક્ય નહીં. શું NIA કોર્ટ ખાતરી આપી શકે છે કે વેનડાઇક અને છ યુક્રેનિયનો તેમના મહિનાના વિદેશ પ્રવાસ પછી પાછા ફરશે? અને જો તે વચનને અમલમાં મૂકવાનો કોઈ રસ્તો નથી, તો તેમને જવા દેવા પાછળનું કારણ શું હતું?

UAPA હેઠળ ધરપકડ કરાયેલ મેથ્યુ હવે અમેરિકા પહોંચી ગયો છે. વિપક્ષ કોંગ્રેસ, ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઇત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM) અને અન્ય વિપક્ષી પક્ષોએ સરકાર અને ભારતીય જનતા પાર્ટી (BJP) વિરુદ્ધ ઝુંબેશ શરૂ કરી છે. કોંગ્રેસે મેથ્યુની મુક્તિ માટે અમેરિકાના દબાણને કારણભૂત ગણાવીને સરકારની ટીકા કરી છે. જયરામ રમેશે પૂછ્યું છે કે મેથ્યુની મુક્તિના બદલામાં ભારતને શું મળ્યું. જો તે શંકાસ્પદ હતો, તો તેને વિઝા કેવી રીતે મળ્યો? તેને ભારત થઈને મ્યાનમાર જવાની પરવાનગી કોણે આપી? સરકારે આ વાતનો ખુલાસો કરવો જોઈએ.

AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું છે કે સર્જિયો ગોર નક્કી કરે છે કે કોના પર UAPA હેઠળ આરોપ મૂકવામાં આવશે અને કોના પર નહીં. UAPA હેઠળ આરોપ મૂકવામાં આવે તો એક સામાન્ય ભારતીય નાગરિકને નવથી દસ વર્ષની જેલની સજા થઈ શકે છે, કારણ કે ભારતીય નાગરિકો પાસે સર્જિયો ગોર નથી. અસદુદ્દીન ઓવૈસીનું આ નિવેદન NIA દ્વારા કોર્ટમાં દાખલ કરાયેલ ચાર્જશીટનો સંદર્ભ આપે છે, જેમાં પ્રારંભિક FIRમાં આરોપીઓ પર લાદવામાં આવેલી UAPA કલમોનો કોઈ ઉલ્લેખ નથી. NIA એ સ્પષ્ટતા કરી છે કે ચાર્જશીટમાં UAPA કલમોનો અભાવ હોવાનો અર્થ એ નથી કે આતંકવાદી દૃષ્ટિકોણની તપાસ પૂર્ણ થઈ ગઈ છે. આ દૃષ્ટિકોણની તપાસ ચાલુ છે અને જો વધુ પુરાવા મળશે તો પૂરક ચાર્જશીટ દાખલ કરવામાં આવી શકે છે. NIA એ કોર્ટમાં એમ પણ જણાવ્યું હતું કે UAPA સંબંધિત ગુનાઓની તપાસ બાકી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

શું NIA કોર્ટ ખાતરી આપી શકે છે કે મેથ્યુ વેનડાઇક વિદેશ પ્રવાસ પછી પાછો ફરશે? અને જો તે વચનને અમલમાં મૂકવાનો કોઈ રસ્તો નથી, તો તેને જવા દેવા પાછળનું કારણ શું હતું?

નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ઈ-ટેન્ડર નોટીસ નં.૦૯ સને ૨૦૨૬-૨૭

કામનું નામ : કા.જ.કા.ન.વિભાગના તાબાના નહેરના ૨ (બે) કામ જેની
અંદાજીત રકમ રૂ. : ૧૬.૭૩ કરોડ થી ૨૬.૧૮ કરોડ
અપલોડ તારીખ : તા.૨૯-૦૯-૨૦૨૬ થી ૨૧-૧૦-૨૦૨૬
ડાઉન લોડની છેલ્લી તારીખ : તા.૨૧-૧૦-૨૦૨૬ અને સમય : ૧૮.૦૦ કલાક સુધી
કાર્યપાલક ઈજનેર, કા.જ.કા.નહેર વિભાગ, પહેલા માળે, "સિંચાઈ ભવન" લુડઝ કોન્વેન્ટ સ્કુલની પાસે, અઠવાલાઈન્સ, સુરત-૭ ફોન નં. ૦૨૬૧-૨૬૬૯૦૪૮ રાજ્ય સરકારની માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in તેમજ https://tender.nprocure.com ઉપર જોવા મળશે. તેમજ હવે પછીના કોઈપણ સુધારા ફક્ત ઓનલાઈન મુકવામાં આવશે.
આ કામની વિગતવાર નોટીસ કચેરીના બોર્ડ પર જોવા મળશે, અથવા આ કામ અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમ્યાન આ કચેરીનો સંપર્ક સાંધવાથી મળશે. પ્રી બીડ મીટીંગ ની તારીખ :- ૦૭-૧૦-૨૦૨૬ અને સમય : ૧૨.૦૦ કલાક, અધિક્ષક ઈજનેર, સુરત સિંચાઈ વર્તુળ, સુરત. એમ.ટી.બી. કોલેજ નજીક, અઠવાલાઈન્સ, સુરત.
ક્રમાંક.માહિતી-સુરત/૬૭૩/૨૦૨૬

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર
ઇ-ટેન્ડરીંગ નિવિદા નં.૪ સને ૨૦૨૬-૨૭
ટેન્ડર આઈ.ડી.નં.૩૨૧૧૭૫
ગુજરાત પા.પુ અને ગ.વ્ય.બોર્ડ દ્વારા ઇ-ટેન્ડરીંગ પ્રધ્ધતિથી નીચેની વિગતેના કામો

ભરવાની શરૂઆત	ભરવાની છેલ્લી તારીખ	ટેન્ડર ફીઝીકલ ડોક્યુમેન્ટ મોકલવાની છેલ્લી તારીખ
તા.૨૯/૦૯/૨૦૨૬	તા.૧૩/૧૦/૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી	તા.૧૪/૧૦/૨૦૨૬ ૧૫.૦૦ કલાક સુધી

માન્ય કેટેગરીમાં નોંધાયેલ કોન્ટ્રાક્ટરો પાસેથી વલસાડ જીલ્લાના ઉમરગામ તાલુકાના સીવીલ અને યાંત્રિકના સંયુકત કામોના અંદાજે રૂ.૪૮.૮૧ લાખના કામ માટે કાર્યપાલક ઇજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુ.પા.પુ અને ગ.વ્ય.બોડ, પ્રથમ માળ, કુસુમ વિદ્યાલય સ્કુલની સામે, ભાગડાવાડા, (આર.એમ પાર્ક), તિથલ રોડ, વલસાડ-૩૯૬૦૦૧ની કચેરીએથી ઓનલાઇન ઉપરના ટેન્ડરો માગવામાં આવે છે. વિગતવાર નિવિદા વેબસાઇટ https://tender.nprocure.com ઉપર ઉપલબ્ધ છે. ટેન્ડર ફીઝીકલ ડોક્યુમેન્ટ આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટ/કુરીયરથી સ્વીકારવામાં આવશે.
(વધુ માહિતી માટે ૦૨૬૩૨-૨૫૩૧૫૮ પર સંપર્ક સાધવા વિનંતી)
(ટેન્ડર ફી ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા સ્વીકારવામાં આવશે.) તમામ કામોની ટેન્ડર નોટીસ અને ટેન્ડર ડોક્યુમેન્ટ/સુધારા કે કોઇપણ ફેરફાર ફક્ત વેબસાઇટ ઉપર મુકવામાં આવશે.
ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ અને ગ.વ્ય.બોર્ડનો હેલ્પલાઇન નં.૧૯૧૬ ઉપર જાહેર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.
(આર. એસ. ભુસારા)
કાર્યપાલક ઇજનેર,
જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ,
વલસાડ.
નં. માહિતી/વલસાડ/૪૨૨/૨૦૨૬

સુરત મહાનગરપાલિકા
જાહેરાત
"ફુડ ફેસ્ટીવલ-૨૦૨૬"

(૧) સુરત મહાનગરપાલિકા દ્વારા આગામી તા. ૧૧/૧૦/૨૦૨૬ થી તા. ૨૦/૧૦/૨૦૨૬ સુધી કૃષ્ણકુંજ પાર્ટી પ્લોટ, અઠવાલાઈન્સ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે "ફુડ ફેસ્ટીવલ-૨૦૨૬" નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ખાદ્ય પદાર્થ વેચાણ કરતી સંસ્થાઓ તરફથી ખાણીપીણીના સ્ટોલો રાખવામાં આવનાર છે. ઉપરોક્ત સ્થળે જે સંસ્થા દ્વારા સ્ટોલ રાખવામાં આવશે તેઓની પાસે "ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬" અન્વયેનું લાયસન્સ/રજીસ્ટ્રેશન હોવું આવશ્યક છે.
(૨) રસ ધરાવનાર અન્ય ખાદ્ય પદાર્થની સંસ્થાઓનાં માલિકોએ સ્ટોલ ફાળવણીના ફોર્મ તા. ૩૦/૦૯/૨૦૨૬ થી તા. ૦૧/૧૦/૨૦૨૬ સુધી ઓફીસ સમય દરમિયાન વહેલાં તે પહેલાંના ધોરણે ફુડ ઈન્સ્પેક્શન બ્રાંચ, હોમિયોપેથીક દવાખાનાની ઉપર, સ્વામી વિવેકાનંદ સર્કલ પાસે, મક્કાઈપુલ, નાનપુરા, સુરત ખાતેથી મેળવવાના રહેશે.
મેડીકલ ઓફીસર ઓફ હેલ્થ અને ડેઝીગ્નેટેડ ઓફિસર, સુરત મહાનગરપાલિકા
નં.પી.આર.ઓ/૨૬૧/૨૦૨૬-૨૭
તા. ૨૮/૦૯/૨૦૨૬

ટ્રાફિક બ્રિગેડ-માનદ સેવક ભરતી

પોલીસ કમિશનરશ્રી, સુરત શહેર / ટ્રાફિક પોલીસ સુરત શહેર વતી ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટ, સુરતના સહયોગથી ટ્રાફિક બ્રિગેડમાં યુવકો અને યુવતીઓની પસંદગી કરવામાં આવનાર છે. જેથી નીચે જણાવ્યાં મુજબની લાયકાત ધરાવતાં ઉમેદવારોએ જણાવેલ સરનામેથી નિયત ફોર્મ મેળવી અરજી કરવી.

ટ્રાફિક બ્રિગેડ એ માનદ સેવા છે. સરકારી/અર્ધસરકારી નોકરી નથી. જે માનદ સેવા આપે તેને પ્રતિદિન રૂપિયા ૪૫૦/- ફુડ એન્ડ ટ્રાવેલિંગ એલાઉન્સ તરીકે આપવામાં આવશે.

લાયકાતના ધારા ધોરણો નીચે મુજબ રહેશે:

1. ઉંમર : 18 થી 40 વર્ષ
2. શૈક્ષણિક લાયકાત : ધોરણ ૯ પાસ (ઓછામાં ઓછું)
3.

	ઊંચાઈ	વજન	દોડ
પુરુષ	160 cm	55 કિલો	800 મીટર, 3.30 મીનીટ
મહિલા	150 cm	45 કિલો	400 મીટર, 2.30 મીનીટ

4. શારીરિક કસોટીના આધારે મેરિટ લીસ્ટ બનશે. તેના આધારે પસંદગી થશે.
5. NCC ની તાલીમ લીધી હોય તેઓને પ્રાથમિકતા આપવામાં આવશે.
6. સુરત શહેર વિસ્તારમાં રહેતા અરજદારોને પ્રાથમિકતા આપવામાં આવશે.

...અરજી ફોર્મ મેળવવાનું સ્થળ...
પોલીસ પરેડ ગ્રાઉન્ડ, અઠવાલાઈન્સ, સુરત.
અરજી ફોર્મ મેળવવાની તારીખ : 03-10-2026 થી 07-10-2026
સમય : સવારે 10.00 થી બપોરે 4.00
અન્ય વિગતો અરજી ફોર્મ માંથી મેળવવાની રહેશે.
ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટ, સુરત.
ક્રમાંક . માહિતી-સુરત/ ૬૭૨ /૨૦૨૬

જાહેર નોટીસ

નગર રચના યોજના સુરત નં. ૨૧ (સરથાણા-સીમાડા) આખરી યોજનાની કામચલાઉ મૂલ્યાંકન દરખાસ્ત અંગે સુનાવણી

નગર રચના યોજના નં. ૨૧ (સરથાણા-સીમાડા) સુરતની પ્રારંભિક યોજના સરકારશ્રી દ્વારા મંજૂર કરેલ છે. સદર યોજનાને અંતિમ કરવાની કાર્યવાહી ચાલુમાં છે. આ યોજના વિસ્તારમાં નીચે જણાવેલ બ્લોક નંબર વાળી જમીનનો સમાવેશ થાય છે. જેની સુનાવણી નીચે જણાવ્યા અનુસાર તારીખ અને સમયે રાખવામાં આવેલ છે.
* તા.૧૨/૧૦/૨૦૨૬ (સમય ૧૧:૦૦ થી ૨:૦૦ કલાકે)
મોજેઃ સીમાડા ના બ્લોક નં. ૩૨, ૩૪ થી ૪૮, ૫૯ થી ૬૫
* તા. ૧૨/૧૦/૨૦૨૬ (સમય ૩:૦૦ થી ૬:૦૦ કલાકે)
મોજેઃ સીમાડા ના બ્લોક નં. ૪૯ થી ૫૮
મોજેઃ સરથાણા ના બ્લોક નં. ૧૨૨ થી ૧૩૦, ૧૩૩, ૧૩૪
* તા. ૧૩/૧૦/૨૦૨૬ (સમય ૧૧:૦૦ થી ૨:૦૦ કલાકે)
મોજેઃ સરથાણા ના બ્લોક નં. ૧૧૯ થી ૧૨૨, ૧૩૨, ૧૩૫ થી ૧૪૨, ૧૪૪ થી ૧૪૭
* તા. ૧૩/૧૦/૨૦૨૬ (સમય ૩:૦૦ થી ૬:૦૦ કલાકે)
મોજેઃ સરથાણા ના બ્લોક નં. ૩૯, ૪૧ થી ૪૮, ૧૦૭ થી ૧૧૮, ૧૫૬, ૧૬૦

પ્રારંભિક યોજનાના અનુસંધાને રજુ થયેલ વિગતો દસ્તાવેજો/પુરાવા ધ્યાનમાં લઈ તેમજ નગર રચના યોજના થવાથી યોજના વિસ્તારમાં ખંડની કિંમત ઉપર જે અસર પડશે અને સંબંધિત ખંડને જે લાભ મળશે તે વિચારી મૂળખંડની કિંમતનો દર તેની સામે ફાળવેલ આખરીખંડની અવિકસિત અને વિકસિત કિંમતના દરો તેમજ યોજનાની અસર પામતા બાંધકામોના વળતરની કિંમત અંગે સુચિત દરખાસ્ત ઘડવામાં આવેલ છે. આ બાબતે સંબંધિત જમીન માલિકો/હિતસંબંધ ધરાવતી વ્યક્તિઓને લેખિત નોટીસથી જાણ કરવાની કાર્યવાહી અત્રેથી શરૂ કરેલ છે. જેથી આપશ્રીના બ્લોક નંબર અન્વયે સુનાવણી/રજૂઆત કરવા ઉપરોક્ત દિન તેમજ નિર્ધારીત કરેલ સમયે આપશ્રીને અધિકૃત પ્રતિનિધિને અત્રે રૂબરૂમાં લેખિત/મૌખિક રજૂઆત કરવા હાજર રહેવા અંગે અનુકૂળતા સાધવા માટે જણાવવામાં આવે છે.

સ્થળઃ સુરત.
તા. / /૨૦૨૬

-:સહી:-
(કે.ડી.પટેલ)
નગર રચના અધિકારી અને પ્રવર નગર નિયોજક,
સુરત નગર રચના યોજના, એકમ-૨, સુરત.

કચેરીનું નામ અને સરનામું:-
નગર રચના અધિકારી અને પ્રવર નગર નિયોજક
સુરત નગર રચના યોજના, એકમ-૨, સુરત.
પ્રથમ માળ, જુની વરાછા (ઈસ્ટ) ઝોન ઓફિસ,
ઝવેરચંદ મેઘાણી બાગની પાછળ, વરાછા,
સુરત- ૩૯૫૦૦૬. ફોન નં. ૦૨૬૧-૨૯૯૭૦૧૦
Email:stp-tpo2-rt@gujarat.gov.in
ક્રમાંક . માહિતી-સૂરત/ ૬૭૦ /૨૦૨૬

ટેન્ડર નોટિસ

આથી રસ ધરાવતા ઇસમોને જણાવવાનું કે જિ.પં.શિ.સમિતિ, નવસારી સંચાલિત નાગધરા પ્રાથમિક શાળા, તા.જિ.-નવસારીના સી. આર. સી. ભવન તોડી કાટમાળ લઈ જવા સહિતના ભાવો સીલબંધ કવરમાં નિયત નમૂનામાં મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ તથા અન્ય શરતો શાળા પરથી તા. ૨૯-૦૯-૨૦૨૬ થી તા.૦૫-૧૦-૨૦૨૬ સુધીમાં સવારે ૧૧-૦૦ થી ૪-00 દરમિયાન નાગધરા પ્રાથમિક શાળામાંથી ટેન્ડર ફી રૂપિયા ૨૦૦/- જમા કરાવી મેળવી શકશો.

સંપર્ક :- મો. નં. - ૮૯૮૦૨૭૫૪૨૯, ૯૭૨૪૧૨૩૫૫૫

એસ. એમ. સી. નાગધરા, તા. જિ. નવસારી — ગ્રામ પંચાયત નાગધરા, તા. જિ. નવસારી

માહિતી/નવસારી/૩૩૫/૨૦૨૬

Surat Municipal Corporation
South Zone-A (Udhana)
e-Tender (Online) invitation
Notice No. DMC/SZ-A/09/2026-27

Tenders are invited for Various Dept. works online on https://smctender.nprocure.com from Government approved contractors with Following Schedule.

1	Name of the Department	LIGHT	DRAINAGE	ROAD	HOUSING
2	No. of Work	08	05	01	01
3	No. of Tenders	15			
4	Total Estimated cost of Tender	Rs. 2,419.14 Lacs			

The detail tender notice will be made available on website www.suratmunicipal.gov.in

No. P.R.O. / 260 / 2026-27
Date:- 28/09/2026

Deputy Municipal Commissioner
South Zone-A (Udhana)
Surat Municipal Corporation

Surat Municipal Corporation (SMC)
"Surat Mahanagar Seva Sadan"
Gordhandas Chokhawala Marg, Shri Tapipura
Surat - 395003, Gujarat

Bids are invited by SMC online on https://smctender.nprocure.com from the bidder meeting the basic eligibility criteria as stated in the respective bid document for below work:

Tender / RFP No.	Name of Work	Bid Start Date, Bid Fee & EMD
DC-ISD-LT-01-2026	Bid for Supply of Laptops and Tablets	Start Date: 29/09/2026 Bid Fee: 4,248/- (Rs. 3,600/- + 18% GST) EMD: Rs. 1,85,000/-

Please visit https://smctender.nprocure.com for more details.

No./PRO/256- 2026-27
Date: 28/09/2026

Deputy Commissioner
Surat Municipal Corporation

RAJHANS® ગોપીતળાવ નવસારી બજાર, સુરત

હોરર- રોમાંચક (હિન્દી)
ધ વ્વાન
૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, રાત્રે : ૧૦.૦૦
(હિન્દી) એક્શન થ્રીલર
ધ પેરેડાઈઝ
૧૨.૦૦, ૨.૪૫, ૩.૧૫, ૭.૦૦, રાત્રે : ૯.૩૦, ૧૦.૧૫
AVENGERS (હિન્દી) ૬.૦૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

ફક્ત રૂા. ૮૦/- થી શરૂ
(હિન્દી) હોરર, રોમાંચક થ્રીલર

ધ વ્વાન
સિદ્ધાર્થ મલ્હોત્રા, તમન્ના ભાટીયા
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
(હિન્દી) એક્શન થ્રીલર

ધ પેરેડાઈઝ
નાની જડાલ, રાઘવ, કીયાડુ લોહર
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

APPLE CINEMA
૬ઠ્ઠી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. ☎: 99984 46007
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
Book Tickets Now from : bookmyshow.com paytm @applecinemasurat

હોરર, રોમાન્ચક	બમ્પર હીટ ફિલ્મ	ગુજરાતી ફિલ્મ
ધ વ્વાન ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૩૦, ૧.૩૦, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, રાત્રે : ૯.૩૦, ૧૦.૦૦, ૧૧.૦૦	હનુમાન અંશ ૯.૨૦, ૧૨.૨૫, ૨.૩૫, ૫.૧૫, ૭.૨૦, રાત્રે : ૯.૩૦	મિત્રતા ૧૨.૩૦, ૨.૨૦, ૬.૦૦, રાત્રે : ૮.૧૦
એક્શન થ્રીલર: ધ પેરેડાઈઝ ૯.૧૫, ૩.૧૦, ૪.૦૦, ૬.૧૫, રાત્રે : ૯.૨૫	મિરઝાપુર ૯.૦૫, ૧૦.૦૦, ૨.૩૫, ૭.૦૫, રાત્રે : ૧૦.૨૦	Avengers (હિન્દી) ૯.૦૦, ૩.૦૦, ૭.૧૫, રાત્રે : ૧૦.૩૫
ચટણી ગુજરાતીઃ ૪.૨૫, રાત્રેઃ ૮.૦૦	RESIDENT EVIL (હિન્દી) ૧૨.૨૦, ૫.૩૦	વાઈબ (હિન્દી) ૯.૧૫, ૧૨.૨૫, રાત્રે : ૧૦.૩૦
લવ સ્ટોરી (હિન્દી) ૧૨.૦૦	પીધા પછી ગુજરાતીઃ સવારેઃ ૧૧.૫૦	મહાકાવ્ય શ્રી રામાયણ કી કથા શ્રી રામ કી (હિન્દી) ૨.૧૫, ૬.૨૦

Surat Municipal Corporation (SMC)
"Shri Tapi Bhawan-Surat Mahanagar Seva Sadan"
Gordhandas Chokhawala Marg,
Tapipura, Surat - 395003, Gujarat

Bid is invited by SMC online on https://smctender.nprocure.com from the bidder meeting the basic eligibility criteria as stated in the respective bid document for below work:

Tender/ RFP No.	Name of Work	Online Bid End Date, Bid Fee, EMD & Pre-Bid Conference
DC-ISD -BIO-02-2026	Bid for Supply and Installation of Biometric Attendance Devices	Online Bid End Date: 13/10/2026 up to 18:00 hrs. Bid Fee: Rs. 2,832/- (Rs. 2,400 + 18% GST) EMD: Rs. 70,000/- Pre-Bid Conference: Post queries to isd.software@suratmunicipal.gov.in on or before 03/10/2026, 16:00 hrs.

Please visit https://smctender.nprocure.com for more details.

No.: PRO/257/2026-27
Date: 28/09/2026

Deputy Commissioner
Surat Municipal Corporation

સુરત મહાનગરપાલિકા
જાહેર આરોગ્ય વિભાગ
માર્કેટ ખાતુ
જાહેરાત

આથી, જાહેર જનતાને તેમજ લાગતા વળગતા ઈસમો/સંસ્થાઓને જણાવવામાં આવે છે કે,...
૧. સ્થાયી સમિતિના ઠરાવ નં.૨૬૧/૧૯૭૬, તા.૨૦/૦૨/૧૯૭૬ ને ધ્યાને લઈ તા.૦૨/૧૦/૨૦૨૬ ના રોજ "ગાંધી જયંતી" નિમિત્તે સુરત મહાનગર પાલિકા સંચાલિત કતલખાના બંધ રહેશે.
૨. સ્થાયી સમિતિના ઠરાવ નં.૧૦૯૮/૨૦૨૧, તા.૧૪/૧૦/૨૦૨૧ મુજબ ચાલુ વર્ષે ૪ થી ઓક્ટોબરના દિવસે "વિશ્વ પ્રાણી દિવસ" નિમિત્તે સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ કતલખાનાઓ/વધશાળાઓ બંધ રાખવાનું તથા સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ તમામ મીટશોપ/ પોલ્ટ્રી શોપ/ ફીશ શોપ તથા માંસ, મટન, ઈંડા, ચીકન, મચ્છીના વેચાણ બંધ રાખવાનું ઠરાવવામાં આવેલ હોય, સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારોમાં મીટશોપ/ પોલ્ટ્રી શોપ/ ફીશ શોપ તથા માંસ-મટન, ઈંડા, ચીકન, મચ્છીની કતલ તથા વેચાણ કરતાં ઈસમોને તા.૦૪/૧૦/૨૦૨૬ ના દિવસે તેમનો વ્યવસાય બંધ રાખી તેનો ચુસ્તપણે અમલ કરવાં સર્વે સંબંધ કરતાંઓને આદેશ અનુસાર જણાવવામાં આવે છે.
આ જાહેરાતમાં આપેલ સુચનાનો ભંગ કરવા બદલ જે તે ઇસમો સામે ધી જી.પી.એમ.સી. અને ધી બોમ્બે પોલીસ એકટની વિવિધ જોગવાઈઓ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

નં.પી.આર.ઓ./૨૫૯/૨૦૨૬-૨૭
તા. ૨૮/૦૯/૨૦૨૬

આરોગ્ય અધિકારી
સુરત મહાનગરપાલિકા